


R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/- Vol No. 68
Issue No. 4

# જ્યોતિપુંજ

Jyoti Punj



Total : 36 Pages
JULY - 2024

વર્ષા ઋતુની ભીંનાશ જ ભીંની
ભીંની લાગણીઓ બની લહેરાય છે.
વૃક્ષો વાતાવરણને વેલીઓની પ્રફૂલ્લતા
નઝરો સામે ઝૂમતી જોઈ કુદરતની
પ્રસન્નાતાનો અહેસાસ મળી જાય છે.
સૃષ્ટિને પોષતી વર્ષા ઋતુ થકી જ
આ સઘળો કલશોર ગુંજે છે..
આવો ઝરમર ઝરમર ભાવોમાં
આપણે પણ
ભીંજાવાની મજા લૂંટીએ...

(સંકલન)

legrand® LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | LCS² |
| BRITZY | DLP |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

DISPLAY/GODOWN : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)

*Authorised Distributors Stockist :*

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૮ | ૪ | ૨૧-૦૭-૨૦૨૪ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ

**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ● ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

❖❖❖

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

❖❖❖

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**Email Id : bnssangh@gmail.com**

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

❖❖❖

Visit us at www.balasinor.in


# નિજ મંદિર શ્રી નાથદ્વારા

**✍ તંત્રી મંડળ તરફથી - નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

આપણે સૌ વૈષ્ણવ, આપણા સૌના વ્હાલા શ્રીનાથજીનાં મંદિર, શ્રીનાથદ્વારા અનેકવાર ગયા હોઈશું. તો ચાલો આપણે શ્રીનાથજીનાં નિજ મંદિરને ઓળખીએ અને જાણીએ નાના-નાના સેવાનાં ભાવોને.

**શ્રીનાથજીના નિજ મંદિરમાં જતાં પ્રથમ ૧૨ (બાર) દરવાજા આવે છે તેનું રહસ્ય**

વ્રજમાં બાર નિકુંજ છે તેમ અહીં ૧૨ દરવાજા છે, અને તેની ભીતરમાં શ્રીનાથજી બિરાજે છે.

(૧) સિંહાડનું દ્વાર (૨) મથુરા દ્વાર (૩) અપ્સરા દ્વાર (૪) લાલ દ્વાર (૫) પુલન્દનું દ્વાર (૬) * લાલ દ્વાર (૭) નગારખાના દ્વાર (૮) સિંહપોરી દ્વાર (૯) રત્નપોરી (હથિયા પોર) દ્વાર (૧૦) જગમોહન દ્વાર (૧૧) મણિકોઠા દ્વાર (૧૨) નિજ મંદિર દ્વાર.

**બાર નિકુંજના ભાવથી બાર દરવાજા છે.**

* લાલ દરવાજાની ભીતર શ્રી યશોદાજીના લાલ શ્રીનાથજી બિરાજે છે. તે સમાધાનીં હૃદયમાં પ્રવેશ કરીને વૈષ્ણવોથી પ્રસન્નતાપૂર્વક સેવા કરાવે છે.

**નગારાની ભાવના**

શ્રીનાથજીની રાજભોગની ઝાંખી પહેલાં નગારાં વાગે છે. પ્રત્યેક વ્રજવાસી તથા વૈષ્ણવને સૂચના આપે છે કે, પ્રથમ મંગલા-શણગાર, ગ્વાલની ઝાંખી થઈ ચૂકી છે. જો આપણને એ દર્શનનો લાભ ન મળ્યો હોય તો જલ્દી પધારો અને રાજભોગની ઝાંખી કરો. એ સૂચન કરે છે કે, પૂર્વજન્મમાં અમે પ્રભુને વિસરી પુણ્યનું ભાથું ન બાંધ્યું તેના પરિણામે અમે પશુજન્મમાં જન્મ્યા અને મૃત્યુ બાદ ચામડાનાં નગારાં વણાવીને ડંડાથી માર પડી રહ્યાં છે.

એ પ્રત્યેક વૈષ્ણવને વિનંતી કરે છે કે પ્રભુનું સ્મરણ અહર્નિશ જાગૃત રાખો, અને તન, મન, ધનથી પ્રભુની

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | ATCAB | COMPAQ
Stockist : ABB & PCE

| | |
|---|---|
| AJMERA<br>Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears. | HENSEL<br>PASSION FOR POWER<br>Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands. |
| walther<br>Plug & Sockets, Interlock Switch Socket. | HPL<br>Onload Changeover Switch, ATS, MCCB, Contactors, ACB, Switch Disconnector Fuse. |
| ATCAB®<br>IP 68 Brass Cable Glands (PG, Metric, Single/double Compression) | ABB<br>MCB (10KA), RCCB, Isolator & Distribution Board. |
| PCE<br>Plug & Sockets, Interlock Switch Socket. | COMPAQ<br>CONNECTING POWER<br>Cable Jointing Kit & Termination Kit. |

H.O. : 301, 3rd Floor, Ajmera Midtown, Ramdas Building CHSL, Popatwadi Corner, Kalbadevi Road, Mumbai - 400002.
Warehouse : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
Phone : 4005 5849 / 6933 3231
E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

સેવા કરો અને એ પગથિયું ચૂક્યા તો અમારા જેવી દશાના ભોગ બનશો.

**ચાર ચોકની ભાવના**

શ્રીનાથીના મંદિરમાં ૪ ચોક છે.

(૧) શ્રી ગોવર્ધનપૂજાનો ચોક (૨) ફૂલ ચોક (ધોલી પટિયા) (૩) કમલ ચોક (૪) રતન ચોક

**શ્રી ગોવર્ધન પૂજાનો ચોક**

આ ચોકમાં શ્રીગોવર્ધનની પૂજા થાય છે. શ્રી ગિરિરાજજીનું લાંબું સ્વરૂપ છે એટલે આ ચોક લાંબો છે. આ ચોકમાં પથ્થર જડાવતા નથી, કારણ કે શ્રી ગિરિરાજની પર્વતની તળેટીમાં પથ્થરો નથી. અહીં કીર્તનો પણ ગવાય છે.

જેમ શ્રી ગિરિરાજ પર્વત ઉપર વ્રજ-જતીપૂરા માલી-ભીલ આદિ બધી જાતનાં માણસો જઈ શકે છે તેમ અહીં પણ સર્વ લોકોને આવવાનો અધિકાર છે.

**શ્રીનવનીતપ્રિયજીનાં મંદિરની ભાવના**

શ્રી ગોવર્ધન ચોકની બાજુમાં જ શ્રીનવનીતપ્રિયજીનું મંદિર છે. આ શ્રીનંદરાયજીના ઘરના ભાવથી છે. અહીં પ્રભુ બધી લીલા બાલસ્વરૂપના ભાવથી કરે છે.

**સૂરજપોળ તથા ધોલીપટિયા (ફૂલચોક) ની ભાવના**

શ્રી ગોવર્ધનપૂજાના ચોકની સામે સૂરજપોળ છે. તેને નવ પગથિયાં છે. તે મર્યાદા નવધા ભક્તિના ભાવથી છે.

જમણીબાજુ ફૂલચોક-ધોલીપટિયા છે. તેને નવ પગથિયાં છે. તે પુષ્ટિ નવધા ભક્તિના ભાવથી છે.

પ્રભુપ્રાપ્તિનો માર્ગ જ ભક્તિ છે, અને તે નવ પ્રકારની છે. જેમ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આ નવધા ભક્તિ વગર પ્રભુપ્રાપ્તિ થઈ શકતી નથી.

**સૂરજપોલની ભક્તિ મર્યાદાભક્તિ**

સૂરજપોળનો દરવાજો મંદિરના ભાવથી છે. એ માર્ગથી મર્યાદાભક્ત રાજા-રાણી મર્યાદાસહિત આવે છે. સૂતકવાળા વૈષ્ણવોને પણ એ માર્ગથી જ દર્શન થાય છે.

**ફૂલચોક**

ફૂલચોક શ્રી ગોલોકનું સ્વરૂપ છે, અને ગોલોક શ્રીશેષજીની ગોદમાં છે. શ્રીશેષજી લાંબા સ્વરૂપવાળા છે, આથી એ સ્વરૂપ લાંબું છે. ભગવાન શ્રીશેષશય્યા ઉપર પોઢે છે અને શય્યા ક્ષીરસાગરમાં હોય છે. તેનાં રૂપ રંગ પણ સફેદ છે.

જેમ પ્રભુ ક્ષીરસાગરની અંદર શ્રીશેષજીની શય્યા ઊપર પોઢે છે, અને ક્ષીરસાગર સફેદ છે તથા લાંબો છે તેમ ફૂલચોક પણ લાંબા સ્વરૂપનો છે.

સેવા કરવાવાળા મુખિયા, ભીતરિયા તથા ગોસ્વામી બાળકો જ્યારે સ્નાન કરીને ખડાઉ પહેરીને સેવામાં જાય છે ત્યારે ધોલી પટિયા આવતાં જ ખડાઉ ઉતારીને જાય છે, કારણ કે ધોલી પટિયા ઉપર ગોલોક તથા

(અનુસંધાન પાના નંબર - ૧૫)


# Yoga By Bankim Parikh

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am

**Bankim : 9820434322**

RELEASE YOUR MIND AND BODY


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# સંસ્થા સમાચાર



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## વાર્ષિક સાધારણ સભા

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭૪મી વાર્ષિક સાધારણ સભા રવિવાર, તા. ૩૦ જૂન ૨૦૨૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ કાર્યાલય, વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ સામે, વી.પી.રોડ પોલીસ સ્ટેશન, મુંબઈ - ૪૦૦૦૦૪. શ્રી સમીર જયેન્દ્ર ગાંધીની અધ્યક્ષતા હેઠળ થઈ હતી.

બેઠકમાં કુલ ૨૯ સભ્યો હાજર રહ્યા હતા.

શ્રી સમીર ગાંધી અધ્યક્ષસ્થાનેથી સભામાં ઉપસ્થિત તમામ સભ્યોને આવકાર્યા હતા અને બધાને ગયા વર્ષ દરમિયાન તમામ દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલી આપવા માટે ઊભા થવા અને બે મિનીટનું મૌન જાળવવા વિનંતી કરી હતી.

જોઈન્ટ સેક્રેટરી શ્રી નિકેશ ગાંધીએ ૭૩ મી વાર્ષિક સામાન્ય સભાની મિનીટ્સ વાંચી સંભળાવી હતી. તે મંજૂર કરીને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સંઘના મંત્રી શ્રી અલ્પેશ ધારીઆએ વર્ષ ૨૦૨૩-૨૦૨૪નો મંત્રી અહેવાલ રજૂ કર્યો હતો. જે ચર્ચા વિચારણા બાદ મંજૂર કરીને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સંઘના ખજાનચી શ્રી જતીન કોટિઆએ ઓડિટેડ એકાઉન્ટ્સ રજુ કર્યા હતા. જે ચર્ચા વિચારણા બાદ મંજૂર કરીને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે મેસર્સ આઈ.ઓ. ધારિઆ એન્ડ કંપનીને સંઘના ઓડિટર તરીકે નિયુક્ત કરીને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, તેમજ માનદ્ મહેનતાણું નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

શ્રીમતી શાંતાબેન શાંતિલાલ શાહ (ચોકસી) શૈક્ષણિક ઈનામ વિતરણ હેઠળ પ્રમુખ શ્રી સમીર ગાંધીએ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા બદલ ઈનામ વિતરણ કર્યું હતું.

શ્રી દક્ષેશભાઈ - શ્રી મિનિષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) તથા શ્રીમતી કુસુમબેન નવનીતલાલ શાહ (આહોડી) ઈન્ડોર સ્પોર્ટ્સ એક્ટિવિટીના ઈનામનું વિતરણ પ્રમુખ શ્રી સમીર ગાંધીએ કર્યું હતું.

સેક્રેટરી શ્રી અલ્પેશ ધારિઆએ માહિતી આપી હતી કે ૧૮ મી ઓગસ્ટ ૧૯૫૦ આપણા સંઘની સ્થાપનાની તારીખ છે. આપણો સંઘ ૭૫ ના પ્લેટેનિયમ જ્યૂબલી વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે, તે ખૂબ જ ગર્વની વાત છે. તેના ઉપલક્ષમાં આખા વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરી રહ્યા છીએ.

પ્રમુખ શ્રી સમીર ગાંધીએ હાજર રહેલા તમામ સભ્યોનું સ્વાગત કર્યું. ગયા વર્ષ ૨૦૨૩-૨૪ માટે સંઘને દાન આપવા બદલ તમામ દાતાઓનો આભાર માન્યો હતો. ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે તમામ કમિટીના સભ્યોને તેમની સખત મહેનત અને તમામ ઈવેન્ટને ભવ્ય રીતે સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.

પ્રમુખ શ્રી સમીર ગાંધીએ આભાર માની મિટિંગ બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી અલ્પેશ ધારીઆ**

SIEMENS

Finolex

# Pushti Electricals Pvt. Ltd.

**Authorized Siemens & Finolex Dealers**

sales@pushtielectricals.com

022-22066230/ 022-22087429
+91-9769367177/ +91-9820441794

**Low Voltage Control Products**

- Contactor, Bi-metal relay, Push Buttons, MPCB, Limit Switches



**Low Voltage Power Distribution Products**

- MCCB, Disconnector Switch Units, Fuses



**Electrical Installations & Sinova Range**

- MCB, Distribution Boards, Sinova Range



**Cables & Wires**

- Electrical Cables & Wires




મનોજ (લખો) નટવરલાલ ધારીઆ (કુણીવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## મનુષ્યજીવ 'ક્યાંથી આવ્યો - શા માટે આવ્યો અને ક્યાં જવાનું છે'

✍ **કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

હિંસા, ચોરી અને વ્યભિચાર એ શારીરિક પાપ, કર્મ ચાડિયાપણું, કઠોર વચન, અસત્યવચન અને અસંબંધિક વચન આ ચાર વાણીના પાપ કર્મ, તેમજ બીજાનું અહિત કરવાનો વિચાર, અદેખાઈ-ઈર્ષા અને શાસ્ત્રોથી અવળી દ્રષ્ટિ એ ત્રણ મનનાં પાપો છે. આમ દસ પ્રકારના શરીર, વાણી અને મનના પાપોને ત્યજવાનું વિધાન છે. ભૂતકાળમાં કરેલા પાપો નષ્ટ કરવા ઈચ્છિત અને જરૂરી છે. કારણ કે નબળી ઘટનાઓની અસરથી મુક્ત રહેવા, બનવું પડે 'પ્લાસ્ટિકના પેપર' જેવા અને શુભ ઘટનાઓને ઝીલવા બનીએ 'બ્લોટીંગ પેપર' જેવા. તેમજ આઠ પ્રકારના સ્વભાવ હોય છે. તેમાં પણ વ્યક્તિનો વિ-લક્ષણ વિચિત્ર સ્વભાવ એની સામે વ્યક્તિના બધા ગુણો ઝાંખા કરે છે. દાખલા તરીકે મહાભારતની કથામાં મહારાજ ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ જાણીતો છે. તે દુર્યોધનને સર્વગુણ સંપન્ન સમજે છે.

મીઠાશની ચરમસીમા મનુષ્યના પોતાની અંદર અનુભવી શકાય છે. તે છે ભક્તિમાર્ગ. તે થકી બુદ્ધિમાન અને ફળદાયી નીવડે છે. પુષ્ટિમાર્ગ ઉત્તમ માર્ગ છે. એક ભક્ત તેને મળતા પરિણામોમાં નહિ પણ તે વસ્તુ કરવામાં આનંદ અનુભવી, જે કરે તેમાં સમર્પિતની ભાવના કામ કરે છે. આ બ્રહ્મજ્ઞાનના કારણે આખા જગતનું જ્ઞાન પામે છે અને ત્રણેય ભુવન 'બ્રહ્મરૂપ' અનુભવે છે. સંસારનો મોહ નિર્મળ બની જાય છે. આધ્યાત્મિક માર્ગની ભૂમિકામાં ક્રમે ઉદય થઈ, પ્રાપ્ત કરવાથી 'જીવન મુક્તિ' મેળવી શકે છે. લંકાપતિ રાવણનો અંત સમય જ્યારે આવ્યો ત્યારે તેને બચાવનાર સૌ મૃત્યુ પામ્યા હતા. દેહ ધારણમાં બધી જવાબદારી નિભાવતાં નિભાવતાં પ્રભુ સ્મરણ કરવું કારણ કે ઘટ ઘટમાં ઘનશ્યામ વ્યાપેલા છે. મંદિરમાં ભગવાનના દર્શન કરીએ છીએ, પણ મનુષ્ય જો સાચી શ્રધ્ધા અને ભાવના રાખે તો કોઈપણ રૂપે ભગવાન પ્રગટ થઈ શકે છે.

સમય ભલે ખરાબ ચાલતો હોય પણ તેને સારો બનાવવો આપણાં હાથમાં છે. સમય ગમે તે હોય, પણ સમયને મનગમતો કરવો કે અણગમતો કરવો એ આપણા મન પર નિર્ભર કરે છે. પ્રબળ પુરુષાર્થ, અત્યંત એકાગ્રતા, તીવ્ર યાદશક્તિ અને કેટલીક યુક્તિઓનો સંયોગ અને સહારો, સહસાવધાનીથી મંઝિલે પહોંચનાર શક્તિઓ સમય બદલવામાં જરૂરી છે.

માનવીના જીવનમાં સફળતાનું શ્રેષ્ઠ પગથિયું એટલે સંઘર્ષ, આજના સ્પર્ધાત્મક યુગમાં સંઘર્ષ ભરેલું જીવન માનવીને સફળતાના શિખર પર પહોંચાડે છે. પ્રયત્ન


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**


**(મૂડેતી - અમદાવાદ)**


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**


Crescent Electricals
Specialist In : ANALOG & DIGITAL MEASURING INSTRUMENTS, PROCESS INSTRUMENTS, UPS & INVERTORS.
AUTHORISED DEALER OF
MULTISPAN
• Digital Temp Controller
• Digital Timers
• Digital Countors
• Process Indicator
• Jumbo Display
• Signal Isolator
NIPPEN
Reliable Performance
• Digital Multi Function Meter
• Analog Meter
• Meggar / Earth Tester
• CT'S
• APFC Relay
KAYCEE
KI
• Rotary Cam Switches
• Micro Switches
• Counter Meter
• Hour Meter
• Toggle Switches
select
Rotary, Cam, Toggle, Micro Switches
SENTRI
Single Phase & Three Phase Stabilizer & Transformer
Elent
CVT / UPS
minilec
• Protection Relays
• Water Level Controller
• Window Annunciators
AARYAN
A P F C RELAY
recom
Rotary, Cam Switches
Toggle & Micro Switches
FLUKE
MECO
SINCE 1952
• Multi Meter / Clamp Meter
• Tacho Meter
• LUX Meter
PARAGON
Digital Temp. Controller, Timer
I-THERM
Digital Temp. Controller, Timer
WACO
Insulation Tester, Digital Earth Tester
MICROTEK
Inverter and Online UPS
PROTON
Timer / Window Annunciators
NRG
Current Transformer
TAIE
PID Controller
Ground Floor, Shop No. 4, Botawala Building, Behind Bank of India, 475, Kalbadevi Road, Mumbai - 400 002.
Tel. (O) : 2206 5992 / 69333345 / 98215 44950 | Email : crescentelectricals81@gmail.com

અને મહેનત વગર કાંઈ જ મળતું નથી. શ્રી કૃષ્ણે કહ્યું છે કે 'માં ફલેષુ કદાચન' ફળની આશા રાખ્યા વગર કર્મ કરતો જા. ફળ મળે તેમાં આનંદ માણવો. સંઘર્ષમય જીવનમાંથી પસાર થયેલ મનાવીને પરિસ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન થઈ જાય છે. જાણીએ છીએ કે મરજીવાને દરિયાના તળિયા સુધી જવાથી જ અણમોલ મોતી મળી શકે છે.

સૌથી મોટો ફાળો ધર્મ કરે છે. ધર્મનો અર્થ છે કર્તવ્ય, ફરજ, ડ્યુટી, જવાબદારી અને ઈમાનદારી. દુનિયા પણ અજીબ છે. મૃત્યુમાં ઈન્સાનને કાંધ દેવા પડાપડી કરે છે, પણ જીવતા માણસને સહાય દેવામાં કતરાય છે. અહંકાર અને સ્વાર્થ છોડ્યા વિના સારું કામ થઈ શકતું નથી. સંસારના બધા જ પદાર્થમાં સમયનું મહત્વ સર્વોપરિ છે. વ્રજનો ગ્વાલ ભક્ત-નિરાભિમાની હોવાથી દેવની પ્રાપ્તિ થઈ.

જ્ઞાનના સમાન નેત્ર નથી. સત્યના સમાન તપ નથી. રાગ સમાન દુઃખ નથી અને ત્યાગના સમાન કોઈ સુખ નથી. ધનહીન દરિદ્ર નથી પણ ભાવહીન દરિદ્ર હોય છે. ઈન્સાનનો જન્મ મોટા કામો માટે થયો છે. મનુષ્ય જીવન, કેટલાય લાખ યોનિમાંથી પસાર થયા પછી મળે છે. આજના કળયુગમાં મનુષ્યએ ભૌતિક ઉન્નતી કરી છે, પરંતુ માનવતાના ક્ષેત્રે ઉન્નતી મેળવવી, તે સૌથી જરૂરી અને મહત્વનું છે.

ભક્તિનો અર્થ પ્રેમ, સેવા, ઉદારતા, પવિત્રતા અને ભક્તિનું સ્મરણ, જેમાં સમર્પણ અત્યંત જરૂરી છે. જે સત્સંગથી સુખ -આનંદ મળે છે. સત્‌પુરુષોના ચરિત્ર પર વાંચનથી તત્વજ્ઞાનનાં તરંગો આસપાસ લહેરાય છે. જે મોક્ષ માટે ઈચ્છનીય છે.

✣ ✣ ✣ ✣ ✣



NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

।। શ્રી વલ્લભ ।।
SHREEJI AROMA
પુષ્ટિમાર્ગ સુગંધ ઋતુ પ્રમાણે
ઉષ્ણકાલ (માર્ચ થી જુન)
ગુલાબ, રુહ ગુલાબ, મોગરા, ખસ, જુઈ, ચંપા સોંધો, બોરસલી, વ્રજસૌરભ
વર્ષાઋતુ (જુન થી ઓકટોબર)
કદંબ, કેવડા, પાનડી, માટી, સોંધો
શીતકાલ (ઓકટોબર થી જાન્યુઆરી)
હીના, અંબર, કસ્તુરી, કેસર, સોંધો
ફાગણ (ફેબ્રુઆરી થી માર્ચ)
કેસર, સોંધો, ગુલાબ, વ્રજસૌરભ
બારેમાસ ધરવા માટે
ગુલાબ, મોગરા, સોંધો, વ્રજસૌરભ, બરાસ
Rohitbhai : 9819627744
138 ,Princess Street, Govind Building, Mumbai - 400002
Website : www.shreejiaroma.com
Email : info@shreejiaroma.com/sales@shreejiaroma.com


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

# વરસાદી સુગંધ

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

મોસમનો પહેલો વરસાદ જ્યારે તરસતી ધરતી પર પડેને ત્યારે એનુ કણે-કણ મહેંકી ઉઠે ! અદ્ભૂત અને અંતરથી પણ વ્હાલી અને સૌને પ્રિય માટીની મહેંક... બસ એ જ વરસાદી સુગંધ.

ઉનાળાના આકરા તાપમાં તપતી ધરતી અને સ્નેહથી જોડાયેલા બે પાત્રો વચ્ચે જ્યારે વિરહની વેદના ચાલતી હોય ત્યારે કવિની કલમે કલ્પના બોલે,'મારે તો વરસાદની ચપટી સ્નેહની તરસ, તું ધોધમાર નહી તો ઝરમર તો વરસ.' પ્રથમ વરસાદની બુંદો ધરતીની સાથે પ્રકૃતિના દરેક તત્ત્વોમાં જાણે પ્રાણ પૂરે છે. વરસાદમાં કવિતા લખાય કે કવિતામાં વરસાદ લખાય !

વરસાદનું ઓચિંતુ વરસવું જાણે સઘળા એંધાણ આપી જાય છે. વરસાદની પહેલી ગર્જના જાણે મોરલાને કહેણ આપી જાય છે. વરસાદની પહેલી બુંદ જાણે ભૂમિને શીતળતા આપી જાય છે. વરસાદની પહેલી સરવાણી જાણે યુવા હૈયાને ધબકાર આપી જાય છે અને શબ્દોથી સાહિત્યનું ખેડાણ કરતા માલમી કવિઓના મુખે શબ્દો સરી પડે

**રાહ જોવરાવી પણ આખરે આવ્યો તો ખરો,**
**ઓય વરસાદ તું માટીની સુગંધ લાવ્યો ખરો,**
**ધરતી તરસી હતી, ખેડૂત મુંઝવણમાં હતો,**
**પશુ, પક્ષી, જનાવરને મન હરખ ઘણો,**
**હવે વરહજે બાપલીયા મન મૂકીને પણ આખરે આવ્યો ખરો,**
**ઓય વરસાદ તું માટીની સુગંધ લાવ્યો ખરો,**
**વરસ વરસ મન મૂકીને વરસ, છીપાવ અમારી તરસ,**
**સઘળી એકઠી કરેલી યાદો ઠાલવ.**
**અવની આતુર જ છે તારી બુંદોને ઝીલવા,**
**જાને કેવો ફેલાવ્યો છે એણે હરીયાળો પાલવ.**

ક્યારેક વરસાદની વાટ જોવાતી હોય અને આખો મહિનો કોરો કાઢી નાંખે પછી છેલ્લે દિવસે વરસાદ આવી જાય ત્યારે જાણે ધરતી બોલે,

**એક દિવસનું ચોમાસું ને... ઓગણત્રીસ દિવસનો બાફ,**
**તોય તું વરસ્યો એ વાતે, જા તારા બધા ગુના માફ.**

ધરતી અને વરસાદનો આ સંવાદ સંસારના માનવીય સંબંધોને પણ લાગુ પડે છે. તો યંત્રવત જીવન જીવતા કેટલાક માનવીય વહેવારો કે સંબંધો જાણે બોલતા હોય,

**આકાશે ધોધમાર બંધાતા રોજ,**
**તોય ઈચ્છા વિનાના સાવ પાંગળા,**
**આપણા સંબંધ જાણે, વરસ્યા વિનાના રહ્યા વાદળા**

તો કોઈ નિસ્વાર્થ ભાવે લખે,

**અંગત ક્ષણોની મહેકમાં સંભારજે મને,**
**કોઈ અજાણ્યા પુષ્પ રૂપે ધારજે મને,**
**ઝળહળતો થઈ જઈશ પછી હું ક્ષણાર્ધમાં,**
**વરસાદની કવિતામાં,**
**કવિતાના વરસાદથી જીવન તારૂ શણગારજે.**




V.B.R. ELECT. & ENGG. CO.
Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com
AUTHORISED DISTRIBUTORS
Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105°C temperature.
APAR
Tomorrow's solutions today
FSAI
Fire & Security Association of India
L&T Electrical & Automation
enGem
entice
englaze
ORIS
WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.
VTPN DB
TPN Double Door
MCB
MCB
RCBO
RCCB
TATA POWER EZ HOME AUTOMATION
WARRANTY : 2 YEARS
5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS
16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT
FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN
PIR MOTION SENSOR
SMART PLUG
CONTROLS APPLIANCES
3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES
KEW
SWITCHGEARS
Upto 200 Amps
Switch Fuse
Upto 600 Amps
Fuse Switch
Upto 1000 Amps
Busbar Chamber
Upto 3150 Amps
Onload Changeover
Upto 630 Amps
ATS

**(પાના નંબર - ૫ થી ચાલુ)**

શેષશય્યાની ભાવના છે.

ધોળી પટિયા ઉપર ૧૨ આડી પટિયા છે. શ્રીનાથજીને લીલા નિકુંજ બાર છે એટલે પટિયા પણ બાર છે. આ સફેદ છે એટલે નિકુંજનો માર્ગ છે. એ શેષશય્યાનું સ્વરૂપ છે. શેષજીના પણ ૧૨ આંટા છે અને પ્રત્યેક આંટા ઉપર નિકુંજનો ભાવ છે.

સિંહપોરીની બાજુ ચાર પટિયા છોડીને જે બીજા પટિયાઓ છે તે રત્ન પટિયાઓ છે. એની ઝાંખી અનુભવી વૈષ્ણવોને જ થાય છે. શયનનાં દર્શન પછી શ્રદ્ધાપૂર્વક ધીરજ અને શાંતિથી બેસીને જે એ પટિયાનું ધ્યાનપૂર્વક દર્શન કરે તેને ચમત્કારની ઝાંખી થાય છે અને અનુભવ મળે છે.

સિંહ પોરી ઉપર બે સિંહો ઊભા છે અને રતનપોરી ઉપર બે સિંહો બેઠા છે. આ ચાર સિંહો ચાર વેદનાં સ્વરૂપો છે.

સિંહ પોરીના સિંહ (૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ

આ સિંહો ઊભા છે અને પૂંછ ઊભી છે એટલે એ તામસી છે. એમાં કર્મકાંડનું પ્રતિપાદન છે.

રતનપોરીના સિંહ (૧) સામવેદ (૨) અથર્વવેદ.

આ સિંહો દીનતાપૂર્વક પૂંછ દાબીને બેઠા છે. તે ભગવાનનાં શરણમાં દીનતાપૂર્વક પડેલા છે. સામવેદ અને અથર્વવેદમાં ભક્તિ તથા ઉપાસનાનું પ્રતિપાદન છે.

## કમળચોકની ભાવના

કમળની અંદર ૨૪ પાંખડિયો છે અને આઠ આઠ પાંખડિયોનાં ત્રણ દર છે. આ ગાયત્રીના ૨૪ અક્ષરના ભાવથી છે. ત્રણ દલ ત્રિપદા ગાયત્રીના ભાવથી છે. આ કમળ ગાયત્રીનું સ્વરૂપ છે અને ગાયત્રી ભગવાનનું સ્વરૂપ છે.

આજે આ કમળના ઉપર જાણીતા વૈષ્ણવો, ભીતરિયા, મુખિયા અને ગોસ્વામી બાળકો પગ મુકતા નથી. શયનનાં દર્શન પછી કમલની ઉપર મંદિરવસ્ત્ર થાય છે. ભીનાં-ગીલાં લુગડાંથી કમલને પૂંછીને સાફ કરે છે. અહિં પ્રભુ નિત્ય રાસ રમે છે.

## સિંહપોલ અને રતનપોલનાં કમાડોની અંદરના ગોખલાઓની ભાવના

સિંહપોલ અને રતનપોલનાં બે બે કમાડો છે. દરેક કમાડના અંદર ૨૭ ગોખલા છે. બધા મળીને ૧૦૮ છે. તે માલાના ૧૦૮ મણકાના ભાવથી છે. એ વ્રજભક્તોનું સ્વરૂપ છે.

## ચંદરવાની ભાવના

કમળચોક, રતનચોક અને ફૂલચોકમાં ઉષ્ણકાળના દિવસોમાં ચંદરવા બંધાય છે. ગરમીના દિવસોમાં તડકાથી મંદિર તપી જાય છે અને તેનો તાપ પ્રભુને નિજ મંદિર સુધી પહોંચે છે. શ્રીનાથજીને ગરમી લાગે છે એટલે દિવસે ચંદરવા બંધાય છે અને રાત્રે ખોલી નખાય છે. રાત્રે હવા રોકાઈ જાય એટલે શ્રીપ્રભુને ગરમી લાગે અને શયનમાં પરિશ્રમ થાય. આ પુષ્ટિની લીલા છે, મર્યાદા લીલા નથી. ચંદરવા પ્રભુની સુખશાંતિ માટે જ છે.

## ધ્રુવબારીની ભાવના

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં જે બારી છે તે ધ્રુવબારી કહેવાય છે. ધ્રુવજી શ્રીપ્રભુની પાસે રહે છે અને અહર્નિશ ઈશ્વરભક્તિ કરે છે. ધ્રુવને દર્શન આપવા આ બારી રાખી છે.

## કુબેરની ગાદી તથા ચિત્રામણની ભાવના

શ્રીજીના અનારચોકમાં સમાધાની બેસે છે. કુબેરની ગાદી ઉપર દિવાલ છે ત્યાં કામધેનું, કલ્પવૃક્ષ અને શ્રીજીની ગાયનાં ચિત્રો છે. કામધેનું અને કલ્પવૃક્ષ મનઃકામના સિદ્ધ કરે છે, એ પ્રભુભક્તિ આપી શકતાં નથી, કારણ કે પ્રભુ અધિકારીની ભક્તિની પરીક્ષા કરીને પોતે જ તે આપે છે.

શ્રીનાથજી સમાધાનીના હૃદયમાં બિરાજમાન થઈને

# શેઠ ભગવાનદાસ નરોત્તમદાસ સેનેટોરિયમ ટ્રસ્ટ

## નાસિક નજીક દેવલાલી મુકામે એક શાંત, રમણીય સુખ-શાંતિનું હરિયાળી અને પ્રદૂષણ મુક્ત સંસ્થા

શહેરી પ્રદૂષણયુક્ત ધાંધલથી છૂટવા આજનો નાગરિક સાત દિવસ અથવા પંદર દિવસ અગર એક માસ માટે હવાફેર અર્થે પ્રવાસ કરવા પ્રેરાય છે. લગભગ એકસો વર્ષ પહેલા આપણાં દીર્ઘદ્રષ્ટા વડીલોએ માનવના સ્વાસ્થ્યના લાભનો વિચાર કરીને દેવલાલીમાં છ એકરની વિશાળ જગ્યા ખરીદીને લીમડા, નિલગીરી વગેરેના અનેક વૃક્ષોથી હરીભરી આચ્છાદિત ધરતીને અગિયાર બંગલાથી વિભૂષિત કરી. હાલમાં આ સ્વતંત્ર બંગલાઓને નૂતન ઢબથી સમારકામ કરાવીને સુશોભિત એટેચ બાથરૂમવાળા બે બેડરૂમની વ્યવસ્થા કરાવી છે. ઉપરાંત ટી.વી, ફ્રિજ, ગીઝર, એરકન્ડિશન, એરકુલર, ઇન્વરટરની સગવડ પણ મળી રહે છે. ચોવીસ કલાક પાણીની વ્યવસ્થાનો અનન્ય લાભ પણ ખરો જ. ટૂંકમાં શહેરી સુખ-સગવડોને ટક્કર મારે તેવા સંપૂર્ણ સજ્જ બંગલાઓમાં રસોઈની વ્યવસ્થા માટે પણ સગવડ રાખી છે. ઉપરાંત ઘેર બેઠાં ટિફિન પહોંચાડવામાં આવે તેવી સુવિધા કરી શકાય.







આધુનિક સુવિધાઓ સાથેની અમારી સેનેટોરિયમ, વિશ્વનાં શ્રેષ્ઠ વરસાદના કુદરતી આરોગ્ય રીસોર્ટ દેવલાલીની મુલાકાત લઈને મહત્તમ લાભ લો.


શેઠ ભગવાનદાસ નરોત્તમદાસ સેનેટોરિયમથી લગભગ સાતેક મિનિટના અંતરે શાક માર્કેટ અને બજાર આવેલી છે. બસ સ્ટેન્ડ (ટર્મિનલ) ચાલીને સુખપૂર્વક પહોંચી શકાય. રેલવે સ્ટેશન જવા માટે ઓટો રિક્ષામાં પાંચ મનિટનો સમય લાગે છે.

તો ચાલો... સર્વસાધારણ નાગરિકના ગજવાને પરવડે તેવા આર્થિક ધોરણો જાળવતા
આ સેનેટોરિયમને આપ આપની ઉપસ્થિતિથી ઉપકૃત કરો.
એકવાર અમારા મહેમાન બનો તો બીજે જવાનું મન નહીં થાય... નહીં થાય... નહીં થાય.

### મુંબઈ સરનામું



૩૩/૩૫, વી. પી. રોડ, સી. પી. ટેન્ક
રામ બાગ, મુંબઈ ૪૦૦ ૦૦૪
ઓફિસઃ ૦૨૨-૨૩૮૨૩૯૭૦/ મો.: ૭૦૨૧૧૮૩૪૧૦



### દેવલાલીનું સરનામું

૪૬-૫૩, લામ રોડ, દેવલાલી કેમ્પ, પો. દેવલાલી, જી. નાસિક રોડ - ૪૨૨ ૪૦૧,
ફોનઃ ૦૨૫૩-૨૪૯૨૩૬૭
(મેનેજર - શ્રી સુરેન્દ્રભાઈ ભટ્ટ)

વૈષ્ણવ રૂપી ગાયોનું દોહન કરે છે, અને જેમ ગાયોનું અમૃત જેવું દુધ કાઢી લે છે તેમ શ્રીનાથજીબાવા સમાધાની દ્વારા વૈષ્ણવોથી દૈવી દ્રવ્ય ગ્રહણ કરે છે.

ખર્ચભંડારમાં સામગ્રી તથા સેવાની પેટીઓ આવે છે, ત્યાં કામધેનું અને ક્લપવૃક્ષોનાં ચિત્રો છે.

કુબેરના ગાદલાની ઉપર દિવાલોના ચિત્રો પુષ્ટીમાર્ગના ભાવથી છે, અને ખર્ચભંડારના ચિત્રો મર્યાદાભાવથી છે.

## પ્રસાદી ભંડારની ભાવના

શ્રીજીને ભોગમાં સામગ્રી પધરાવ્યા પછી તે પ્રસાદ બને છે. તે પ્રસાદી ભંડાર. એ ભંડારમાં શ્રીજીનો પ્રસાદ શ્રીજીબાવાની પ્રસન્નતાથી બિરાજે છે.

## જગમોહનની ભાવના

કીર્તન-ભક્તિ-ગીતની અંદર માનવહૃદયને મોહિત કરવાની શક્તિ છે. સુમધુર સ્વરથી સાંભળનારનું મન આકર્ષાય છે. એ સ્થળ જ્યાં ભગવાનના ગુણાનુવાદ શ્રીવ્રજભક્તોથી ગવાય અને જગત મોહિત થાય એટલે એનું નામ જગમોહન કહેવાય છે.

## કીર્તનિયાગલીની ભાવના

આ ગલી શ્રીગિરિરાજની કંદરાના ભાવથી છે. શ્રીગિરિરાજની કંદરામાં શય્યા મંદિર છે, ત્યાં અષ્ટ સખા અને અષ્ટ સખી દિવસ-રાત સમયાનુસાર કીર્તન કરે છે અને અહીં એજ ભાવથી ગુફાના આકારમાં ગલીનું વર્ણન છે એ લલિતાજીની નિકુંજ છે.

## શાકઘરની ભાવના

શાકઘર એ શ્રી ગિરિરાજજીનું સ્વરૂપ છે. અંદર શ્રીગિરિરાજજીનું ચિત્ર છે, તે એજ ભાવથી છે.

સામે તિબારીની અંદર વૈષ્ણવો દર્શન કરવા આવે છે. અહીં ૩ દરવાજા છે. તે રાગ, ભોગ અને શૃંગારના સૂત્ર છે.

સેવા કરતી વખતે વૈષ્ણવો અનેક પ્રકારના ભગવદ્ ગુણગાન કરે છે - એ રાગ છે.

દેરાની અંદર અને બહાર જે સામગ્રી સિદ્ધ થાય છે એ ભોગ.

ઉષ્ણકાળમાં એ સ્થાને ઉત્સવના ફૂલોનો શૃંગાર સિદ્ધ થાય છે - એ શૃંગાર

આ ત્રણ તિબારીઓમાં શ્રીગિરિરાજજીનાં ૩ શિખરોનો ભાવ છે. આદિશિખર, બ્રહ્મશિખર અને દેવશિખર. શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે, જે વૈષ્ણવ શાકઘરમાં સેવા કરવા જાય છે તે કોટિ વર્ષ સુધી શ્રીગોલોકમાં વાસ કરે છે.

શાકઘરમાં હાથ ધોવા માટે જે કરવો (ઝારીજી) છે તે વ્રજ ભક્તોનું હૃદય છે. અંદર જલ છે તે વ્રજભક્તોનો પ્રેમ છે. વૈષ્ણવો આ પ્રેમજલથી હાથ પવિત્ર કરે ત્યારે સેવા કરી શકે છે.

તાંબાના કુંડ છે તે વ્રજભક્તોનાં હૃદયસરોવર છે. તેમના પ્રેમરૂપી જલમાં સામગ્રી શુદ્ધ થાય ત્યારે પ્રભુ અંગીકાર કરે છે. કોઈની કુદૃષ્ટિ એ સામગ્રી ઉપર પડી હોય અથવા અપવિત્ર હાથનો સ્પર્શ થવાથી અપવિત્ર થઈ હોય તો તે એનાથી શુદ્ધ થાય છે.

અહિં જે ટોપલીઓ અને છાવડાં છે તે વાંસનાં છે. તે વ્રજભક્તોના હાથોની અંજલિયો છે. વ્રજભક્તો હાથોમાં સામગ્રી ધારણ કરીને પ્રભુને આરોગાવે છે.

શાકઘરમાં કાષ્ઠના જે થાંભલા છે તે ચાર યૂથના યૂથપતિ છે. એ અહર્નિષ ઉભા રહી વૈષ્ણવોને સેવામાર્ગનું માર્ગદર્શન બતાવે છે. શાકઘરનાં જે મુખિયા (શાઘરિયા) છે તે સ્વામિનીજીનાં સ્વરૂપ છે.

## સુધારો

આંતરિક રમત-ગમત (ઉપનગર વિભાગ) ૨૦૨૩ - ૨૦૨૪ ના ચેસ સીનીઅર (ભાઈઓ) ના વિજેતાઓના નામમાં ૩ જું નામ નિગમ કિર્તનલાલ શાહ વાંચવુ.

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO





**BRASS CABLE GLANDS**



LUGS AND TOOLS

## ફૂલઘરની ભાવના

ફૂલઘર છે તે નિકુંજ છે. પુષ્પો એ વ્રજભક્તોનાં હૃદય છે. પુષ્પો મુકવાને ૩ મોટી છાબડિયો છે તે સ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી અને શ્રીલલિતાજીનાં હૃદય છે. એમની ઉપર વસ્ત્ર મુકેલાં હોય છે તે શ્રીપ્રભુની પ્રસન્નતાનાં સૂચક છે.

શ્રીપ્રભુ વૈષ્ણવોને આજ્ઞા કરે છે કે, તમારે કોઈપણ પ્રકારની ચિંતા કરવી નહિં. મારા હૃદયમાં હંમેશા વૈષ્ણવોને અપનાવું છું.

ફૂલઘરિયા શ્રીસ્વામિનીજીનાં સ્વરૂપ છે અને ફૂલઘરના લાલા છે તે શ્રીજીના સખાઓ છે. શ્રી યશોદાજી લાલાને શણગાર ધરાવીને, ભગવાન સાથે રમવાને માટે છડીદાર દ્વારા ગોવાળિયાને બોલાવે છે ત્યારબાદ શૃંગારના દર્શન ખુલે છે.

જે સોયમાં ફૂલ પરોવાય છે તે શ્રીવેણુજીનો સ્વર છે. દોરો એ પ્રેમનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણે શ્રીવ્રજભક્તોનાં હૃદયને વેણુનાદ કરી, પ્રેમથી વિંધીને હૃદયમાં અપનાવ્યાં છે.

જે વૈષ્ણવ ફૂલઘરમાં સેવા માટે જાય છે તેને ભગવાન સમજવા. જે પ્રેમથી ફૂલઘરની સેવા કરે તેને શ્રીગોલોકની પ્રાપ્તિ થાય છે. ફૂલોનાં સ્વરૂપ- પીળા ફૂલ શ્રી લાડિલાજી, સફેદ ફૂલ શ્રીચંદ્રાવલીજી, લાલ ફૂલ શ્રી લલિતાજી, શ્યામ ફૂલ શ્રી ગિરિરાજજી, ઘનશ્યામ ફૂલ શ્રી મહારાણીજી અને બીજાં પુષ્પો એ શ્રી વ્રજભક્તોનાં સ્વરૂપના ભાવથી છે.

## પાનઘરની ભાવના

પાનનાં બીડાં અધરામૃતના ભાવથી છે. પાન સ્નેહનું સ્વરૂપ છે. ચુનો ચંદ્રાવલીજી, કાથો શ્રીકિશોરીજી, સોપારી શ્રીસ્વામિનીજી, લવંગ શ્રીલલિતાજી, ગુલાબજલ શ્રીમહારાણીજી, એલચી શ્રીગોપીજન તથા જાયફળ બરાસ વગેરે સુગંધ વ્રજભક્તોને મકરન્દના ભાવથી છે. ✣✣✣✣✣

**(સંકલન)**


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. - ૯૫૯૪૩૨૬૨૦૨

MENTCO
Experience - Reliability - Value

**MENTCO MANUFACTURING PVT.LTD**

(AS9100:2016 D & ISO 9001:2015)
We are a contract manufacturer, importer, and distributor with a specialization in –




We are known for our High-Quality Manufacturing, Responsive Customer Service, Skilled Professionals, and Timely Delivery.

We serve industry like – Oil & Gas, Semiconductor, Aerospace/ Aviation etc.

Mentco Manufacturing Private Limited
Apple Industrial HUB, Phase 2, Survey No 215/216, Plot No 7, Palghar Maharashtra, India.

Phone Nos.: +91-9989819633
E-mail: sales@mentcomanufacturing.com / saurabh.mehta@mentco.com

## SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

## Authorized Stockists:

MERSEN

*Expertise, our source of energy*



Solar PV Fuse Time Delay Fuse Midget Fast-Acting Fuse UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) BS Semiconductor fuse Semiconductor SPDs

D-Link

Building Networks for People



# આ ચોમાસાની ઋતુમાં લેવાના પગલાં

✍ **ડૉ. રીટા ગાંધી**

આપણું જૂનું ગીત છે

**આવ રે વરસાદ, ઢેબરીયો વરસાદ,**
**ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.**

રોગપ્રતિકારક શક્તિ અને બહેતર સ્વાસ્થ્ય જાળવવા માટે આપણે અમુક પગલાંનું પાલન કરવું જોઈએ.

ટાઈફોઈડ સાલ્મોનેલા ટાઈફી બેક્ટેરિયાના કારણે થાય છે, જે ગંદા પાણી અને અસ્વચ્છ સ્થિર પાણીમાં ઉછરે છે. તેથી સાવધ રહો.

૧. તમારા પીવાના પાણીમાં ૧/૨ TSP સૂકા આદુનો પાવડર ઉમેરીને ઉકાળો અથવા ૨ ઈંચ સૂકું આદુ ઉમેરો.
૨. બહારનું સ્ટ્રીટ ફુડ ક્યારેય ન ખાવું
૩. જંક અને ભારે ખોરાક ટાળો
૪. મચ્છર ભગાડનારનો ઉપયોગ કરો. લીમડાના તેલની જેમ કપૂર અને લવિંગ બાળવા.
૫. તમારા ફળો અને શાકભાજીને મીઠાના પાણીમાં ધોઈ લો.
૬. કરી લીમડાના પાન સિવાય લીલા પાંદડાનો ઉપયોગ કરશો નહીં. અને તુલસી, લેમન ગ્રાસ, ફુદીનો પણ બરાબર ધોઈ લો.
૭. પહેલેથી જ પૂરગ્રસ્ત વિસ્તારોને ટાળો. ખાસ કરીને જો પાણી ઝડપથી વહેતું હોય. વહેતા પ્રવાહોને પાર કરવાનો પ્રયાસ કરશો નહીં. સ્ટ્રીમ્સ અને વોશના કિનારે વાહન કેમ્પ અથવા પાર્ક કરશો નહીં. ખાસ કરીને જોખમી પરિસ્થિતિઓ દરમિયાન જો પૂર આવે, તો ઊંચી જમીન પર જાઓ.
૮. પ્રિ-કટ શાકભાજી અને ફળોનો ઉપયોગ કરવાનું ટાળો.
૯. ઘરમાં પ્રવેશ્યા પછી ગરમ પાણીથી સ્નાન કરો.
૧૦. તમારા ઘરને સાફ કરવા માટે લેમન ગ્રાસ ઓઈલ અથવા સિટાઈન ઓઈલનો ઉપયોગ કરો. ભીનાશને ટાળવાનો પ્રયાસ કરો. લીકેજનું નિરીક્ષણ કરો અને તેને ઠીક કરો.
૧૧. કોઈપણ ખુલ્લા વાયરો માટે તપાસો. ડ્રેનજ લાઈન સાફ કરો.
૧૨. કોઈપણ લાકડાના ફર્નિચરને સુરક્ષિત રાખો. ભેજવાળું જો હોય તો તેને બદલો.
૧૩. દિવાલનો પેઈન્ટ વોટરપ્રૂફ છે કે કેમ તે તપાસો.
૧૪. મેડિકલ ઈમરજન્સી કીટ તૈયાર રાખો.
૧૫. વોટર પ્રૂફ સ્ટોરેજ સેટ કરો.
૧૬. પાણીના સતત સંપર્કમાં રહેવાથી તમારા વાળ તેના કુદરતી તેલને છીનવી શકે છે. તેથી જ ચોમાસા દરમિયાન વાળામાં તેલ લગાવવું જરૂરી છે. વાળનું તેલ તમારા વાળને હાઈડ્રેટેડ અને પોષિત રાખવામાં મદદ કરી શકે છે.
૧૭. તમારા હાથ ધોવા અને સ્વચ્છતા જાળવો. ચોમાસાની ઋતુ સાથે અનેક રોગો લાવે છે. તેથી જ વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી મહત્વપૂર્ણ છે.
૧૮. નોન-સ્લિપ ફૂટવેરનો ઉપયોગ કરવો. ઈલેક્ટ્રિકલ સાધનોને યોગ્ય રીતે અર્થિંગ કરવું અને ધીમી અને સાવચેતીપૂર્વક ડ્રાઈવિંગ કરવું.
૧૯. મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ટાઈફોઈડ જેવા જીવલેણ રોગો વરસાદની ઋતુના સામાન્ય રોગો છે અને લગભગ આ બધા તાવ, નબળાઈ અને શરીરના દુખાવા જેવા સામાન્ય લક્ષણો સાથે હાજર છે.
૨૦. ચોમાસામાં તમારા પગમાં ખંજવાળ આવે છે તેનું મુખ્ય કારણ હવામાં પરાગ અને ધૂળનું પ્રમાણ વધવું છે. ચોમાસા દરમિયાન ખરજવું સામાન્ય છે કારણ કે અચાનક હવામાનમાં ફેરફાર અને તાપમાનમાં ઘટાડો ત્વચાની સંવેદનશીલતામાં ફેરફાર તરફ દોરી જાય છે.
૨૧. સામાન્ય પ્રકારના ખરજવું એ છે જે નીચેના પગ અથવા હાથ અને પગને અસર કરે છે. હાઈડ્રેટેડ રહો. ચોમાસાની ઋતુમાં પૂરતા પ્રમાણમાં પાણી પીવું મહત્વપૂર્ણ છે. તે તમારા શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે અને તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત રાખે છે. પાણીજન્ય રોગોથી બચવા માટે ઉકાળેલું અથવા શુદ્ધ પાણી પસંદ કરો. સ્વચ્છતા જાળવો.

I.S.W.P.
BHS
ISWP

Mr. BHARAT K. DOSHI
98210 27136

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.


**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

## શ્રી પ્રવીણકાકાને યાદગીરીના શ્રધ્ધા સુમન....



**પ્રવીણચંદ્ર સાકરલાલ દેસાઈ**

એક વિરલ વ્યક્તિત્વ જેમણે વીસ વર્ષની ઉંમરથી ૮૭ વર્ષની ઉંમર સુધી ખંત અને ધગશ સાથે સમાજને કંઈક આપવા માટે દરેક સમાજની સંસ્થા સાથે જોડાઈને આત્મીયતાથી કાર્યો કર્યા હતાં. આ વ્યક્તિને કેટલા જણા ઓળખતા હશે તે તો બાલાસિનોરના વતનીઓને ખબર.

નામ છે પ્રવીણચંદ્ર સાંકરલાલ દેસાઈ કે જેમણે નિસ્વાર્થ તથા કોઈપણ જાતની આશા વગર અવિરતપણે સમાજમાં રહીને સેવા આપતા રહ્યાં. તેઓ શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ તરીકે જોડાઈને સમાજને ઉચ્ચ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા તેઓશ્રી જ્યોતિપુંજના પ્રથમ તંત્રી સ્થાને રહીને નિષ્ઠાપૂર્વક પોતાની સેવા પણ આપતા રહ્યા હતા.

તેઓ શ્રીનો દેહ, તા. ૭-૪-૨૦૨૪ના દિવસે પંચમભૂતોમાં પરિવર્તિત થઈ ગયો.

જરૂરિયાતમંદલોકોને શાળાની ફી, કપડાં તથા જરૂરિયાત પ્રમાણે પોતાનાથી થાય તેટલી મદદ તથા ઘટતા રૂપિયા ઉદાર દિલના દાતાઓ પાસેથી ઉઘરાવીને જરૂરિયાતમંદ લોકોની ઈચ્છા પૂરી કરતા. અરે ત્રીસ-પાંત્રીસ વર્ષથી શ્રી બાલાસિનોર કેળવણી મંડળમાં જ્યારે પણ દેશમાં શાળાના કામ અર્થે જવાનું થતું તો તેઓ સ્વ ખર્ચે ઉપડી જતા અને શાળામાં દરેકની જરૂરીયાત પ્રમાણે પૂર્ણ કરવામાં સહકાર કરતા હતાં. કોઈપણ દાતા શાળાને દાન આપતા તો દાતાઓનું પુરેપૂરું સન્માન જાળવતા. જેથી કરીને દાતાઓને દાન આપવામાં ઉત્સાહ જાગતો હતો. શાળાના બાળકો થકી પ્રોગ્રામ થતાં તો બાળકો તથા શિક્ષકો તથા શિક્ષકાઓને પ્રોત્સાહન આપવા પોતાની ફરજ સમજીને હાજર રહેતા હતા. બાર બાર વર્ષ સુધી શ્રી બાલાસિનોર કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવા આપવી એ આપણા સમાજ માટે ગર્વની વાત છે. આવી વિરલ વ્યક્તિને સમાજે ઓળખવી બહુ જરૂરી છે.

આવી વિરલ વ્યક્તિને નહીં પણ સમાજને ઉપયોગી થતી દરેક વ્યક્તિને અને સમાજના ઉધ્ધારકોને દરેકે દરેક જણે દિલથી મૃત્યુ સમયે વિદાય માન સાથે આપવી જોઈએ. જેથી કરીને સમાજમાં આવી વ્યક્તિઓનો ઉદય થાય અને સમાજ એક થઈને ટકી રહે. આવી વિરલ વ્યક્તિને સમાજે નત મસ્તકે માન સાથે યાદ કરીને વિદાય આપવી જોઈએ.

પ્રવિણચંદ્ર સાંકરલાલ દેસાઈ નિવૃત્તિ પછી તેમનું બાળકોના પ્રોગ્રામ વખતે શ્રી બાલાસિનોર કેળવણી મંડળની પ્રમુખની સેવા આપનારનું સન્માન કરવાનું વિચાર્યું તો જવાબ મળ્યો કે નિવૃત્તિ એટલે નિવૃત્તિ પણ હાજર રહીને શોભામાં અભિવૃદ્ધિ કરીને શાળાનો પ્રોગ્રામ શોભાવવા બદલ તેમનો શ્રી બાલાસિનોર કેળવણી મંડળના સભ્યો તથા હોદ્દેદારો તેમને દિલથી યાદ કરીને નત મસ્તકે વિદાય આપીને રહી ગયેલી અધુરી સેવા પૂરી કરવા ફરી બાલાસિનોરના સમાજમાં જન્મ લે તેની પ્રભુને પ્રાર્થના. જતા જતા એવું પૂણ્યનું કામ કરતા ગયા. બંન્ને નેત્રોનું દાન કરી અને બે જણને દૃષ્ટિ પ્રાપ્ત કરાવી. આવી વ્યક્તિ ને જો આપણે યાદ નહીં કરીએ તો ગુનેગાર કહેવાઈશું.

દરેક બાલાસિનોર વાસીઓને નમ્ર વિનંતી પ્રવીણચંદ્ર સાંકરલાલ દેસાઈને માન સાથે જય જય શ્રી ગોકુલેશ કહીને વિદાય આપશું.

# PRABHAT CABLES PVT. LTD.

Corporate Office : 33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002, Maharashtra, India. • Tel. : +91 22 4922 4200 / 2208 5153
Email : prabhatcables@gmail.com / info@prabhatcables.com
Website : www.prabhatcables.com

Auth. Distributor

## POLYCAB

IDEAS. CONNECTED.

Eco Friendly

Safe

Energy Saving

### Cables and Wires

- Power Cables (HT & LT)
- Control Cables
- Instrumentation Cables
- Optical Fibre Cables (OFC)
- Solar Cables
- Building Wires (Project & House Wires)
- Flexible Cables
- Welding Cables
- Rubber Cables
- Other Special Cables



**PAN INDIA BRANCHES**




SCAN BELOW QR CODE FOR LIST PRICE

# સંવેદના

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

એક દરજી હતો. કપડુ કાપીને કાતરને. પગ નીચે દબાવતો.. અને કપડુ સાંધીને સોય ને ટોપીમાં ભરાવતો. આ એનો નિત્યકમ હતો. એક વખત એના દિકરાએ આમ કરવાનું કારણ પૂછયું દરજીએ તો એના દિકરાને જીંદગીનો સાર શિખવી દેવો જવાબ આપ્યો.. જવાબ...

'જે કાપે છે એની જગ્યા પગ નીચે જ હોય, જે સાંધે એ હંમેશા મસ્તક પર હોય'

અર્થાત જીવનનું પરમ સત્ય એજ કેઃ-

માણસાઈની ખિલવણી કરે એ ધર્મ - અને માણસાઈને ચીમળી નાખે એ અધર્મ. તો આ માણસાઈ ને ખીલવવાનું તેમ જ ચીમળી નાખવું - કઈ રીતે સમજાય ? આ બાબતમાં ક્યારેક આપણે પોતે અથવા તો બીજાઓ જવાબદાર હોઈ શકે છે. માની લો કે ઈશ્વરે કોઈને સુંદરતા, કાબેલિયત, સંપત્તિ, સહૃદયતા, સાક્ષરતા, ચિંતન-મનન, સુંદર આવાસ, ઉત્તમ ધાનઃ એના આગલા જન્મોના ફળ રૂપે આપ્યું છે પણ સાથે સાથે એનામાં હું તત્વનું બીજ પણ રોપી દીધું છે. અભિમાનનું તત્વ. આ તત્વ બીજાને માણસાઈ થી મદદ કરે પરંતુ એનું અભિમાન જો ઘવાયું તો એ બીજાનાં વ્યક્તિત્વને ચિમળી પણ શકે. અહીં આવે ધર્મ તત્વની વાત. પ્રેમ તત્વની વાત. સંબંધો ની વાત. જીવન તથ્ય ની વાત.

દરજીએ કેટલી સરળતાથી, દિકરાને જીવનનો ઉપદેશ આપી દીધો। અર્થ એ જ કેઃ સંબંધો ને કઈ જંગલી છોડવાઓની જેમ ઉગવા ન દેવાય. સંબંધો ને તો મમતાનાં પાણી થી ઉછેરવા પડે. આ બાબતને લગતી એક ખૂબ જ સુંદર પંક્તિ વાંચી હતી. કવિના નામની નોંધણી મારી પાસે નથી. પંક્તિ કંઈક આ પ્રમાણે હતી. 'એક ઝંઝાવાતને મેં ખાળી લીધા' શબ્દને મેં પંક્તિમાં વાળી લીધો.'

એકાંતે વિચારીયે તો સમજાય કે શબ્દો જ છે, જે 'મારક' પણ છે અને 'તારક' પણ છે. આપણે તો મૌન અને વાણી ની ગુંથણી ના મહત્વને માનીએ જ છીયે. ઘણી વખત સામાન્ય સંજોગોમાં મેં જોયું પણ છે અને જાણ્યુ પણ છે કે ઘરનાં રોજીંદા કાર્ય કરતા પણ ભૂલો થતી હોય છે. ધારો કે શાક સમારતા હોઈએ અને અજાણતા જ ચાકુની ધાર વાગી જાય અને લોહી ટપકી પડે. ઘરનાં બધા સભ્યો લાગણી જતાવતા કહી દે કેઃ જરા ધ્યાન રાખી ને કરો ને। કે કોઈક વખત ચાલતા પગ આડો થાયઃ વાગે પડી જવાય.. તો સાંભળવા મળે કેઃ ધ્યાન રાખીને ચાલોને। ત્યારે દુઃખ થાય કે અરે ભલા માણસ કામ  આપણે ધ્યાન રાખીને જ કરતા હોઈએ તો પણ કોઈક વખત બેધ્યાન થઈ જવાય. આપણે માણસ છીએ મશીન નથી. કોઈક વખત કોઈ ઘટના ઘટી હોય અને આપણું મન એ ઘટનાને વાગોળતુ હોય તો આવું બધું તો અનાયાસે પણ ઘટી જતું હોય.

હજી એક સંવેદનશીલ સત્ય ઘટના મને ખૂબ જ વ્યથિત કરી ગઈ છે. એક સમયે હું પાર્ક માં બેઠી હતી. બાળકો રમતા હતા. એવામાં એક બાળકે બીજા બાળકને મસ્તીમાં ધક્કો માર્યો બાળક પડી ગયો અને જોરથી રડવા લાગ્યો. બાળકની મા ત્યાં એટલામાં જ હતી. મા ત્યાં આવી અને પોતાના રડતા બાળકને ચિડાઈને લાફો મારી દીધો. એ મા નું કદાચ અભિમાન ઘવાયું હતું. રડતા બાળકને ગુસ્સો કરીને કહેવા લાગી 'શું આમ ડોબાની જેમ રડે છે તને સામે મારતા નથી આવડતું ?' હું સમજી શકતી હતી એ મા નો ક્રોધ કારણ કે કોઈ પણ મા પોતાના બાળકને હારતુ ન જોઈ શકે. પરંતુ એ મા ભૂલી ગઈ કે આ ઘટના કદાચ કાયમ માટે એના બાળકનાં મનનાં ઉંડાણમાં માનસિક સ્તરને એના આત્મ-વિશ્વાસને ચોટ પહોંચાડી શકે.

માનસ શાસ્ત્ર નો એક ખૂબ જ મહત્વનો વિચાર છે કેઃ સૌ પ્રથમ બાળપણથી બાળકોમાં જે શબ્દો, વિચારો

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

# norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

## DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

## SENTINEL ELECTRIC CO.

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

બાળકને લઈને માતા-પિતાની આકાંક્ષાઓ, સંસ્કારો ઉછેરાયેલા હોય એની છાપ બાળકના માનસિક સ્તરનાં ઉંડાણમાં છપાઈ જાય અને એ છાપ વધતી ઉમરે પણ ના ભૂસાય.

દા.ત. આપણને સૌને એક આદત હોય છે : બહારના લોકો ની સામે, બાળકની ઉપસ્થિતિ માં કહીએ કે: આ તો બહુ તોફાની છે. રમતિયાળ છે, આખો દિવસ મસ્તી જ કરતો હોય. ફોન, ટી.વી બધું આવડે વિગેરે વિગેરે. આપણે આ વખાણ માની ને સહજ રીતે કહેતા હોઈએ. બધા જ હસીને ખૂશી જતાવતા હોય, અહિં માનસ શાસ્ત્ર એમ સમજાવે છે કે: બાળક બુદ્ધિ આ સાંભળીને એવું સમજી લે છે કે બધા હસ્યા એટલે આવું કરવાનું બરાબર છે. એટલે ધીમે ધીમે અજાણતા એની વર્તણુંક એવી થતી જાય છે.

ભાવાર્થ એજ કે: આપણે સૌ પોત પોતાના સંસ્કારો, સ્વભાવ લઈને જન્મીયે છીયે. કોઈ ખૂબ જ સંવેદનશીલ હોય, ભાવુક હોય, ત્વરિત પ્રત્યાઘાત પાડનારું હોય તો એના માનસિક સ્વરનાં ઉંડાણમાં જાણે અજાણે બોલાયેલા અપમાનિત શબ્દોના પડઘા જગ્યા કરી લે છે. તેથી મહત્વની વાત એ છે કે: આપણે બાળકનું ભવિષ્ય જે રીતે ઘડવું હોય, એવા આપણાં શબ્દો, આપણી વર્તણુંક હોવી જોઈએ. માતા-પિતાની અપેક્ષા એ બાળક સમજી જ શકે છે. અને એ એના પ્રયત્નો એ અપેક્ષાઓને અનુલક્ષી ને કરતો હોય છે. તેથી શબ્દ 'ડોબો' અને સાથે ખાધેલો માર કાયમ માટે એના માનસિક સ્તરમાં પ્રસ્થાપિત થઈ જાય છે. આપણે અને ડોબો કહીશું અને જો એ બાળક ખૂબ જ સંવેદનશીલ હશે તો એ માની લેશે કે એ એવો છે. અને આ થેરાપી ફક્ત બાળકો પૂરતી સિમતિ નથી. પ્રત્યેક મનુષ્ય પોતાના સ્વભાવ પ્રમાણે પ્રતિસાદ કરે છે. અને આ પ્રક્રિયામાં શબ્દો ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.

મારૂ માનવુ  છે કે: બાળક જે રડતો હતો અને એની માએ સંવેદના ને બદલે ગુસ્સામાં અનુચિત શબ્દો બોલીને શું આપ્યું ? દાઝયા પર ડામ લાગે એવા શબ્દો શું ઉચિત છે ? જેને વાગ્યું હોય અને દર્દ થી પીડીત હોય એને ગુસ્સો જ આવે. એ વ્યક્તિ વધારે વ્યથિત થઈ જાય. એનાં કરતાં એમ પૂછીએ કે બેટા તને બહુ વાગ્યુ તો નથી ને ? બહુ દર્દ તો નથી ને ? લાવ જરા  બરફ ઘસી આપું. મને યાદ છે: અમે નાના હતા, અમારી નાનીમા ને ઘરે જતા. રમતા રમતા આ જ પરિસ્થિતિ આવતી ત્યારે નાનીમા નાં શબ્દો જે આજ દિવસ સુધી યાદ છે. નાનીમા અમને પટાવવા કહેતા, આ ધરતી તો આપણી મા છે ને, ધરતી મા ને તને વ્હાલ કરવું હતું એટલે તું પડ્યો અને ધરતી મા એ તને વ્હાલ કરી લીધું આ શબ્દો સાંભળીને અમે ખૂશ થઈ જતા.

માનસ શાસ્ત્ર નો નિયમ છે કે મીઠાસથી લાગણી દર્શાવતા બોલાયેલા શબ્દો સામેવાળાનાં મનને એ જ ક્ષણે સાંત્વન આપે છે. શાતા આપે છે. એવે સમયે શિખામણ તો ઝેર જેવી કડવી લાગે છે.


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**ઘરનું સરનામું**

: ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

ભાવાર્થ એ જ કે આ તો એક રોજીંદી જીંદગીનો સીધો સાદો સરળ દાખલો છે. પરંતુ જીવાતી જીંદગીમાં અજાણે ભૂલો થઈ જાય છે. ખોટા નિર્ણયો લેવાઈ જાય છે. એવી પરિસ્થિતિમાં માણસ માત્રને-એને સમજનારુ કોઈ હોય એવી આશા હોય છે. એને વિશ્વાસ જોઈતો હોય છે. અજાણે થયેલી ભૂલને સુધારવા માર્ગદર્શન જોઈતું હોય છે. સહારો જોઈતો હોય છે. નહીં કે ભૂલોને દોહરાવતું ભાષણ.

આપણે સૌ જાણીયે છીયે કેઃ વિચાર્યા વગર નિકળેલા શબ્દોઃ આક્ષેપો ને પ્રતિ આક્ષેપો માં જ પરિણમે. નર્યો કાદવ બહાર આવે. શબ્દથી સંબંધ બંધાય, નજીક અવાય- સંબંધ તૂટેય ખરો અને ક્યારેક હોનારત સર્જાઈ જાય. સંબંધ સાચવવાઃ ભાવ-ભાગણી દર્શાવવા બોલવું હોય તો પણ લોકોને ગમે એવી પ્રિય વાણી હોવી જોઈએ. કોઈના હૃદયને ચીરી નાખેઃ એના માનસિક સ્તરને વિંધી નાખે એના સન્માનનેઃ એના આત્મ વિશ્વાસને, એની હિંમત ને પળભરમાં કચડી નાખે એના શબ્દો પર તો કાબુ મેળવવો જ જોઈએ. ભાષાનો વિવેક અતિ મહત્વ નો છે કારણ કે શબ્દો માણસ ના સ્વભાવ તેમજ વ્યક્તિત્વ ની વિવેકતા દર્શાવે છે.

ભાવાર્થ એજ કેઃ માતા-પિતા પોતાના બાળકમાં વિશ્વાસ રાખે તો બાળક પોતાનામાં એ જ વિશ્વાસને ઉછેરે. માતા-પિતા જે ધારે તે બાળકને બનાવી શકે. ઉંચે ઉડાડી શકે.

દરજી જીવનથી ઘડાયેલો હતો. એણે એના દિકરાને આ જ શિખ આપી. એ એને એક સંવેદનશીલ વ્યક્તિ બનાવવા ઈચ્છતો હતો. દરજી ની માણસાઈ પ્રત્યેની સમજદારી, એનો અભિગમ ખૂબજ વિચારશીલ હતો. સંસ્કારનો રણકો એના વ્યક્તિત્વમાંથી છલકાતો હતો. એની માન્યતા દ્રઢ હતી. વસ્તુ કરતા મહાન છે વ્યક્તિ. વ્યક્તિ કરતા મહાન છે વિચાર. વિચાર કરતા મહાન છે વિવેક અને વિવેક આવે તો પરમાત્મા મળે એનાથી વિશેષ શું જોઈએ ?

✣✣✣




Dent Villa
The Complete Family Dental Care

Dr. Shikha Dharia
BDS

Treatments we offer :
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



To avail a free consultation and 15% Discount on all your treatment
Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

# શું વૈષ્ણવ સંપ્રદાય હિંદુ ધર્મનો એક સંપ્રદાય છે ?

✍ **તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)**

હિંદુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ અને શાક્ત સંપ્રદાયને મહત્વના માનવામાં આવે છે. હિંદુ ધર્મને વધુ પ્રાચીન માનવામાં આવે છે. હિંદુ ધર્મ ફક્ત એક સંપ્રદાય પર આધારિત નથી. તેમાં વિવિધ પ્રકારના સંપ્રદાય અને તેના પેટા સંપ્રદાયો પણ કાળક્રમે અસ્તિત્વમાં આવ્યા છે. આ દરેક સંપ્રદાયના પેટા પ્રકાર પણ છે. કહેવાય છે કે શૈવ સંપ્રદાયનો વધુ વિસ્તાર દક્ષિણ ભારતમાં થયો, જ્યારે શાક્ત સંપ્રદાયનો મુખ્યત્વે કાશ્મીર, કાંચી અને કામાખ્યા (આસામ) માં વધુ ફેલાવો જોવા મળે છે અને વૈષ્ણવ સંપ્રદાય ઘણો વિશાળ બન્યો છે અને તે સમગ્ર દુનિયામાં ફેલાયો છે અને તેના પાંચ પેટ પ્રકાર છે. જે દુનિયામાં વિવિધ સ્થાનો પર વિકસિત થયા છે.

વૈષ્ણવ સંપ્રદાયના પાચં પેટા પ્રકાર છે. જેમાં રામાનુજ વૈષ્ણવ સંપ્રદાય, નિમ્બાર્ક વૈષ્ણવ સંપ્રદાય, મધ્ય વૈષ્ણવ સંપ્રદાય, વલ્લભ અને ચૈતન્ય વૈષ્ણવ સંપ્રદાયનો સમાવેશ થાય છે.

**: રામાનુજ વૈષ્ણવ સંપ્રદાય :**

આ સંપ્રદાય ભગવાનની શ્રી નામની શક્તિની પ્રેરણાથી પ્રવૃત્ત થયો હોવાથી તેને શ્રી સંપ્રદાય પણ કહે છે. આ સંપ્રદાય કહે છે કે,'ભગવાનના સાક્ષાત્કાર માટે આત્માજ્ઞાન પૂરતું નથી પરંતુ જ્ઞાનની સાથે ઉપાસના (ભક્તિ) કરવી પણ તેટલી જરૂરી છે.

**: નિમ્બાર્ક વૈષ્ણવ સંપ્રદાય :**

કહેવાય છે કે આ સંપ્રદાય ભગવાનના હંસાવતારથી શરૂ થયો. તેથી તે હંસ સંપ્રદાય તરીકે પણ પ્રચલિત છે. હંસ નારાયણ સનકાદિ મુનિઓને જ્ઞાન આપે છે. સનકાદિ નારદજીને અને નારદજી નિમ્બાર્કાચાર્યને જ્ઞાન આપે છે. આ સંપ્રદાયમાં વૃંદાવનનું ઘણું મહત્વ છે. વૃંદાવનમાં યમુના તટે આ સંપ્રદાયનો તટિયા સ્થાન નામનો મુખ્ય આશ્રમ છે. આ સંપ્રદાયનના પ્રવર્તક આચાર્ય નિમ્બાર્ક છે. જેમણે બ્રહ્મસૂત્ર-ભાષ્યમાં વાસ્તવિક ભેદ-અભેદવાદનું પ્રતિપાદન કર્યું.

**: મધ્વ વૈષ્ણવ સંપ્રદાય :**

આ સંપ્રદાયના પ્રવર્તક મધ્યવાચાર્ય હોવાથી આ મધ્વ સંપ્રદાય તરીકે જાણીતો છે. મધ્વાચાર્ય 'પૂર્ણપ્રજ્ઞ', 'આનંદ તિર્થ' નામથી પણ ઓળખાય છે. વૈષ્ણવોના અન્ય સંપ્રદાયની જેમ આ મધ્વ સંપ્રદાય પણ માત્ર સગુણ બ્રહ્મનો જ સ્વીકાર કરે છે. કહેવાય છે કે હનુમાન અને ભીમ બાદ વાયુ દેવનો મધ્વાચાર્ય તેમનો ત્રીજો અવતાર છે. કર્ણાટકમાં આ સંપ્રદાય ખૂબ પ્રચલિત છે.

**: વલ્લભ વૈષ્ણવ સંપ્રદાય :**

આ સંપ્રદાયના આદ્યપ્રવર્તક વલ્લભાચાર્યના નામ પરથી આ સંપ્રદાયને વલ્લભ સંપ્રદાય અથવા પુષ્ટિ સંપ્રદાય પણ કહે છે. પુષ્ટિ શબ્દનો અર્થ પોષણ, અનુગ્રહ. આ પુષ્ટિ સંપ્રદાયમાં માનવામાં આવે છે કે ભક્તો પર અનુગ્રહ કરી તેમને પોષે છે. પુષ્ટિમાર્ગમાં જ્ઞાન અને કર્મના નિયમોનું પાલન કરી મર્યાદાભક્તિ કરવામાં આવે છે. આ સંપ્રદાયમાં ભક્તિ માત્ર સાધન નથી સાધ્ય પણ છે અને ભક્તો મુક્તિ માટે ભક્તિ નથી કરતાં પરંતુ ભક્તિની જ ઈચ્છા રાખે છે.

**: ચૈતન્ય વૈષ્ણવ સંપ્રદાય :**

ચૈતન્ય, મહાપ્રભુ આ સંપ્રદાયના પ્રવર્તક હોવાથી આ સંપ્રદાયને ચૈતન્ય વૈષ્ણવ સંપ્રદાય કહે છે. ચૈતન્ય મહાપ્રભુ વિશ્વંભર, ગૌરાંગ તથા નિમાઈ નામથી પણ ઓળખાય છે. આ સંપ્રદાયમાં અચિન્ત્યભેદાભેદ વાદનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. આ સંપ્રદાયમાં બે પ્રકારે ભક્તિ કરવામાં આવે છે. એક વિધિના નિયમ પ્રમાણે કરવામાં આવતી વૈધી ભક્તિ અને બીજી પ્રભુ પ્રત્યેના શુદ્ધ પ્રેમના આધારે પ્રકટ થતી રાગ ભક્તિ. આ સંપ્રદાયમાં સ્ત્રીસંગ અને અભક્તનો સંગ વર્જ્ય માનવામાં આવ્યો છે. આ સંપ્રદાયમાં માધુર્યભાવથી કરવામાં આવતી ભક્તિને સર્વશ્રેષ્ઠ મનાય છે. ✣✣✣

✍ **ડૉ. રજત મોદી**




રાણી દુર્ગાવતી બલિદાન વીરતા, સુંદરતા અને કુશળ શાસનનો ભવ્ય ઈતિહાસ. રાણી દુર્ગાવતીએ મુગલ સેના સામે હાર સ્વીકારી નહોતી અને છેલ્લા શ્વાસ સુધી તેમનો સામનો કર્યો હતો. અકબર સામે પણ તેઓ યુદ્ધ લડ્યા હતા. ૧૯૮૮માં તેમના માનમાં એક પોસ્ટલ સ્ટેમ્પ બહાર પડી હતી અને ૨૦૨૩ માં ૫૦૦ મી જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં ૫૦૦/- રૂપિયાનો સિક્કો ભારત સરકાર તરફથી બહાર પાડવામાં આવ્યો હતો.



ભારતના લોકનૃત્યો પર આધારિત પોસ્ટલ સ્ટેમ્પ





૧૯૪૮ માં સ્થપાયેલ ઓલિમ્પિક દિવસ, રમત ગમતની વૈશ્વિક ઉજવણી અને સક્રિય થવાનો દિવસ છે, જે દર વર્ષે ૨૩ મી જૂને પિયર ડી કુબર્ટિન દ્વારા ૧૯૮૪માં IOCની સ્થાપના કરવામાં આવી હતી, તે દિવસની યાદમાં થાય છે.




ભારતના લેજેન્ડરી ગાયકની પોસ્ટલ સ્ટેમ્પ




સાંચીના સ્તૂપની પોસ્ટલ સ્ટેમ્પ



રાયગઢ કિલ્લામાં ૬ જૂન ૧૬૭૪ના રોજ એક ભવ્ય સમારોહમાં શિવાજી મહારાજને મરાઠા સામ્રાજ્યના રાજાનો તાજ પહેરાવવામાં આવ્યો હતો અને તેમને છત્રરતિનું બિરુદ ધારણ કર્યું હતું.

# કર્મના સિદ્ધાંતનું માર્ગદર્શન

- ☆ ભગવાન ક્યારેય ભાગ્ય નથી લખતાં, જીવનના દરેક ડગલાં પર આપણો વિચાર, આપણો વ્યવહાર, આપણું કર્મ જ આપણું ભાગ્ય લખે છે.
- ☆ નીતિ સાચી હશે તો નસીબ ક્યારે પણ ખરાબ નહીં થાય.
- ☆ બીજો માણસ આપણામાં વિશ્વાસ મૂકે એજ, આપણા જીવનની સૌથી મોટી સફળતા છે.
- ☆ દુઃખ ભોગવનાર વ્યક્તિ આગળ જઈને કદાચ સુખી થઈ શકે છે, પરંતુ દુઃખ આપનાર વ્યક્તિ આગળ જઈને ક્યારેય સુખી થતો નથી.
- ☆ માણસાઈ દિલમાં હોય છે, હેસિયતમાં નહીં, ઉપરવાળો માત્ર કર્મો જ જુએ છે, વસિયત નહીં.
- ☆ તમે ગમે તેટલા શતરંજ ના મોટા ખેલાડી હો, પરંતુ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ તમારી બરબાદીના તમામ રસ્તા ખોલી નાખે છે.
- ☆ પ્રાણ ગયા પછી શરીર સ્મશાનમાં બળે છે અને સબંધોમાંથી પ્રેમ ગયા પછી માણસ મનોમન બળે છે.
- ☆ જીવનમાં સ્વાર્થ પુરો થઈ ગયા પછી અને શરીરમાંથી શ્વાસ છુટી ગયાં પછી કોઈ કોઈની રાહ જોતું નથી.
- ☆ જે જોઈએ તે મેળવીને જ જંપવુ એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખીને જીવવું એ સુખી માણસની નિશાની છે.
- ☆ ઈશ્વર જ્યારે આપે છે, ત્યારે સારું આપે છે અને નથી આપતો, ત્યારે વધુ સારું મેળવવાનો રસ્તો આપે છે, પણ જ્યારે રાહ જોવડાવે છે.... ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જ આપે છે.
- ☆ આ ચરણ તો માત્ર મંદિર સુધી જ લઈ જઈ શકે, પણ આચરણ તો પરમાત્મા સુધી લઈ જઈ શકે.


|| જય શ્રી કૃષ્ણ ||

રાધે રાધે







સ્વર ને સંગીતનો અનેરો સંગમ

**શુભારંભ**

સંગીત ગ્રુપ

દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા

બર્થડે-પાર્ટી, એનિવરસૅરી, જુનાગીતો

ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા

સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા

9821172223 / 9221318333

No Network Pls Call On Whatsaap


## કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન

કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન તા. ૧૫-૦૯-૨૦૨૪ ના રવિવારના રોજ રાખેલ છે.

કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોર-વાસીઓને **સવારે ૧૧.૩૦ કલાકે** સમૂહ ભોજન માટે નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

**સ્થળ :** અડુકીયા સ્કૂલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતિલાલ મોદી રોડ, આઈસીઆઈસીઆઈ બેંકની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

**નોંધ :** કાંદિવલીમાં વસતા તથા નવા રહેવા આવેલ સર્વેને સમૂહ ભોજનમાં પધારવા વિનંતી છે.

**લિ. કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે મે-૨૦૨૪ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૪૨૩ |
| ૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ - તેમજ સર્જીકલ ડ્રેસીંગ | ૨૫૬ |
| ૩. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૭૪૮ |
| ૪. | શ્રીમતી લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | ૧૬૭૮ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૬૯ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝીયોથેરાપી વિભાગ | ૩૩૯ |
| ૭. | શ્રીમતી ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | ૬૨ |
| ૮. | શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ | એક્સરે વિભાગ | ૩૫૫ |
| ૯. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૩૫૮ |
| ૧૦. | શ્રી પુનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૧૧૩ |
| ૧૧. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૪૮૯ |

તેમજ સર્જનના ૦૧ મેજર ઓપરેશન તથા ૦૩ માઈનોર ઓપરેશન અને ગાયનેકના મેજર ઓપરેશન ૧૩ તથા ૧૩ માઈનોર ઓપરેશન તથા ઈ.એન.ટી.ના ૨૫ માઈનોર ઓપરેશન તેમજ આંખના ૯૬ મેજર ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૯૦૧૮૪૦/- તેમજ ઈનડોરમાં રૂા. ૫૦૯૪૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સીજન વિગેરેમાં) રૂા. ૭૬૦૮૦/- ની માફી મળીનું કુલ રૂા. ૧૦,૨૮,૮૬૫/- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**૧. કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૭-૦૫-૨૦૨૪ ના રોજ ૪૭ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ :** તા. ૦૨-૦૫-૨૦૨૪ ના રોજ ૨૮ દર્દીઓના તથા તા. ૦૯-૦૫-૨૦૨૪ ના રોજ ૨૨ દર્દીઓના તેમજ તા. ૧૬-૦૫-૨૦૨૪ના રોજ ૨૫ દર્દીઓના તેમજ તા. ૩૦-૦૫-૨૦૨૪ ના રોજ ૨૪ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

## કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસમાં) માં માહે એપ્રિલ ૨૦૨૪ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિઝીશીયન વિભાગ | ૧૦૭૮ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૧૧૯ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૩૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૧૪૭ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૭૪ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૧૦૩ |

તથા ગેસ્ટ્રોલોજી વિભાગના ૦૮ મળી કુલ ૧૮૩૪ દર્દીઓએ તથા ઈનડોરમાં ૧૨૮ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૩૮૭ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૧૨૨ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૮૨ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૨૦૫ ઈ.સી.જી. કાઢવામાં આવેલ છે. તેમજ દવાની કુલ રૂા ૭૪,૫૯૫/- ની માફી કરવામાં આવેલ છે. ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૪૩ દર્દીઓએ લાભ લીધેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી આશાબેન વિરેન્દ્રભાઈ કંચનલાલ ગાંધી (સુરતી) (નર્સિંગ કોલેજના બાંધકામ માટે) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી હેમલત્તાબેન ગોપાલદાસ કડકીઆ (ઓટલાવાળા) (નર્સિંગ કોલેજના બાંધકામ માટે) | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ૩. | શ્રી હિતેન્દ્રભાઈ દેવદત્તભાઈ ત્રિવેદી | રૂા. ૨૫,૦૦૦/- |
| ૪. | શ્રી અલ્કેશકુમાર ઈશ્વરભાઈ પટેલ | રૂા. ૫,૧૦૦/- |

**નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા હોદ્દેદારોના ઈમેલ આઈડી ઉપર તથા મો.નં. ઉપર જાણ કરવા વિનંતી.

નર્સિંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ થઈ ગયેલ છે. નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો દાતાશ્રીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે. આજ સુધી રૂપિયા ૦૪ (ચાર) કરોડનું દાન મળેલ છે અને હજુ વધુ રૂપિયા ૦૩ (ત્રણ) કરોડના દાનની જરૂરિયાત છે. સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી.

સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં નીચે જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭ - Email : nitinkmg@gmail.com**
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯ - Email : pparikh58@gmail.com**
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪ - Email :sujatient@gmail.com**
**શ્રી યોમેશભાઈ શાહ (ખજાનચી) - ૯૩૨૨૨૪૫૧૪૩ - Email :yomesh2611@gmail.com**

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજના**માં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**ખાસ નોંધ :** ચ્યવનપ્રાસ સ્ટોકમાં છે. જે શ્રી નિતિન પરીખ (ઉપ પ્રમુખશ્રી) ની ઓફીસના સરનામેથી મળશે. તો જેને જરૂર હોય તેમણે નીચેના સરનામેથી મેળવવું.

**મો. ન. ૯૮૨૧૦૩૯૦૮૭ સરનામું : c/o. UNITED INDUSTRIAL AGENCIES, 60, ABDUL RAHEMAN STREET, MUMBAI-400 003 TELE: 022- 23423207**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ, આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો.

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર)**

**પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

આપની ઉપલબ્ધિઓને અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો. આપની ઉપલબ્ધિઓ, આપના કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજની અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાના સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક – ચેતન મોદી**

**માનદ્ મંત્રીઓ : શ્રી જસ્મીન બી. શેઠ – ૯૮૨૦૮૩૦૦૬૦, શ્રી ધર્મેશ જ. શાહ – ૯૮૨૦૩૪૧૩૭૧**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સભ્યો,

આપ સર્વેને જણાવવાનું કે સંસ્થાની શ્રીમતી સુધાબેન પી. કે. શાહ (પ્રિઅજેને) મેડિકલ રીલીફ સ્કીમ એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ દરમ્યાન કુલ ૨૭૩ વ્યક્તિઓને રૂા. ૧૩૯૨૨૧૦.૦૦ ની રકમ ચુકવવામાં આવી હતી.

**કારોબારી સમિતિ વતી**

**શ્રી અનિશ ગાંધી, શ્રી સમીર ગાંધી અને શ્રી સમીર ધારીઆ – માનદ્ મંત્રીઓ**

**પ્રકીર્ણ વિભાગ**

## તેજસ્વી તારલા



**આયુષી અશોક મહેતા**

ICSE બોર્ડના દસમાં ધોરણમાં ૯૯% માર્ક્સ, ટોટલ ૫૦૦ માંથી ૪૯૫ માર્ક્સ મેળવીને ગ્રાન્ટ રોડમાં આવેલી ક્વીન મેરી સ્કૂલમાં પ્રથમ નંબરે આવ્યા છે.

સંસ્થા વતી તેને હાર્દિક અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| ❖ લીલાબેન રસીકલાલ કડકીઆ (રેણાવાળા) | ૯૨ |
| ❖ વિનયકાંત ભીખાલાલ મોદી (બાલી) | ૯૩ |
| ❖ મહેશ નટવરલાલ મોદી (શહેરાવાળા) | ૭૩ |
| ❖ કુસુમબેન નવનીતલાલ દેસાઈ (રોજવાવાળા) | ૯૦ |
| ❖ મીનાબેન કિરણભાઈ પરીખ | ૬૯ |
| ❖ રસિકલાલ રમણલલા મોદી (ચૌધરી) | ૯૪ |
| ❖ હસુમતીબેન કનુભાઈ ગાંધી | ૮૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## AMRISH KACHARIA

Mobile : +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai-400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Email : sales@prbhatwires.in
Website : www.prabhatwires.in


PRABHAT WIRES LLP
Buy POLYCAB, Buy SAFETY

Authorised Distributors :

**POLYCAB**
IDEAS. CONNECTED.

CABLES & WIRES




- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES

Publishing day 20th of every month

36

JYOTI PUNJ - July - 2024

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007. Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.